R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 03 • ISSUE : 1 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH NOVEMBER 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

**તંત્રી સ્થાનેથી**

સમાજના સર્વાંગી વિકાસ માટે મહિલાઓના યોગદાનની સાથે સાથે તેમની ભૂમિકાનો પણ નજરઅંદાજ ન કરી શકાય. આ વિશેના તંત્રી મંડળના સભ્ય ઍડ. ઉદયન શાહના વિચારોને તંત્રીલેખમાં સ્થાન આપેલું છે. – ડૉ. હીરાચંદ દંડ



# ક.દ.ઓ. બહેનોની ખુમારી

કદઓ બહેનો અને માતાઓએ કદઓ નાતને સ્થિર થવામાં, સંસ્કારી અને ખમતીધર બનાવવામાં સિંહ ફાળો આપ્યો છે. આપણી જ્ઞાતિ જ્યાં જ્યાં છે, ખાસ કરીને મોટા શહેરોમાં, ત્યાં આપણી મહિલાઓએ જ્ઞાતિને આગળ લાવવામાં ખાસ્સો ભાગ ભજવ્યો છે. કદઓ મહિલાઓએ આઝાદીની ચળવળમાં પણ ભાગ લીધો. આજથી ૫૦/૬૦ વર્ષ પહેલા મસ્જીદબંદરમાં આપણી મહિલાઓ દ્વારા ચલાવાતી વીશીઓમાંનું જમણ બહુજ વખણાતું. ભણતર વધતા વિશીઓ બંધ થવા પામી. વિશીઓ ચલાવી, ભરતગુંથણ કરી, ખાખરાઓ બનાવી કદઓ બહેનોએ કુટુંબોને પગભર કર્યા છે. ભણતર વધતાં તેઓ હવે મોટી બેન્કોમાં, ઓફિસોમાં, સરકારમાં નોકરી કરે છે. કેટલીક બહેનો ઘરેથી મિઠાઇ, ખાખરા, કપડા, સાડી, ઘરગથ્થુ સામગ્રીનો વેપાર કરે છે.

બહેનો આપણા મહાજનો દ્વારા ચલાવાતા ગૃહઉદ્યોગોનું સંચાલન પણ કરે છે. અપવાદરૂપે પોલીસ ખાતામા, ફિલ્મઉદ્યોગમાં અને રાજકારણમાં પણ એકાદ એકાદ કદઓ બેનની હાજરી છે. એક સામાજીક કાર્યકર બહેનના મંતવ્ય મુજબ આપણી બહેનો હોશિંયાર અને બુદ્ધિશાળી હોવા છતાં એ એમની પ્રગતિમાં ૧૯૯૦ પછી ધીમી પડી ગઇ છે. કૌટુંબિક અને સંતાનો ઉછેરવાની જવાબદારીઓ કદાચ મુખ્ય કારણ હોઇ શકે છે. એક-બે સંસ્થાઓ નાણાં ધીરવાની પણ યોજનાઓ ચલાવે છે પણ યોજનાને બહેનો તરફથી ઓછો આવકાર મળ્યો છે.

હવે ટીવી, મોબાઇલ, કિટ્ટીપાર્ટીઓ ખાસો એવો સમય લઇ લે છે. કુટુંબોમાં વાતચીત બહુ ઓછી થઇ ગઇ છે. આપણી ખમતીધર જ્ઞાતિને ખમતીધર અને સક્ષમ રાખવી હશે તો બહેનોએ મોટો ભાગ ભજવો પડશે. બહેનો કહે છે અમારી જિંદગીનું શું? અમારી ઇચ્છાઓનું શું?

સર્વત્ર એક વાત સામાન્ય થઇ ગઇ છે કે બધાએ પોતપોતાની જવાબદારી લઇ લેવાની, અમે અમારાથી થયું એટલું કર્યું. અને આ માબાપ છોકરાઓને કહી દે છે અને આજ વાત છોકરાઓ મા-બાપ માટે કહી દે છે. જવાબદારીથી ભાગી છુંટવા જેવું લાગે છે. આ વાત સ્ત્રી અને પુરૂષ બન્નેને લાગુ પડે છે. જવાબદારી ઓળંગીને આગળ જવું પડશે.

પ્રગતિશીલ કદઓ મહિલાઓ સારી રીતે પ્રગતિશીલ કેમ બની શકે એ વાત જોઇએ.

ટી.વી. મોબાઇલ અને કીટ્ટી પાર્ટીઓમાં વેડફાતો સમય ઓછો કરવો પડશે. રાંધણકળામાં ફરીથી પારંગત થવું પડશે. આપણાં ઘરમાં, વાતચીતનો દોર


**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના    પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા    શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા    કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૩, અંક : ૧, તા. ૦૫-૧૧-૨૦૨૨**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

*ફરીથી ચાલુ કરવો પડશે. શોખ, કળા અને કસબ સજીવન કરી સતત ચાલુ રાખવા પડશે.*

*કદઓ મહિલાઓએ હવે વૈજ્ઞાનિક, સૈન્યમાં અફસર, પાઇલોટ, સંગીત તેમજ રમતગમત ક્ષેત્રે અને મોટી કંપનીઓમાં ડાયરેક્ટર તરીકે આગળ આવવાની જરૂર છે. એમણે એમની દીકરીઓને જો આ વિષયોમાં રસ હોય તો તેમની માવજત કરવી અને એમના મનગમતા મુકામે પહોંચાડવી જરૂરી છે. પ્રેરણા આપી, પ્રેરક પુસ્તકો વાંચીને કે મોટીવેશનલ સેમીનારમાં ભાગ્યેજ કંઇ શક્ય બને છે. આ બધુ સાચું છે પણ તમે એમાં હો ત્યાં સુધી. પણ પોતાનું લક્ષ્ય પામવા નક્કર પગલાં લેવા હશે ત્યારે આ બધું ભાગ્યેજ કામ આવે છે.*

*જો તમે મેદાનમાં નથી ઉતરતા તો જિંદગીભર પ્રેક્ષક બની રહેશો. બહેનો તમને ફક્ત ઘર સંભાળવાનું કહેવામાં આવ્યું હોત તો તમે એમાં શું નાવીન્ય લાવી શકો છો? અને બીજા બધા તમારી પાસેથી શું શીખી શકે છે? આ બાબત જરા જોજો. એમ કહેવાય છે કે આજકલ કોઇને (કુટુંબમાં પણ) સલાહ સુચન, પૂછપૂછ કે સારસંભાળ જરા પણ પસંદ નથી. 'મારી મા બહુ જ પૂછ પૂછ કરે છે' તો પછી કરવું શું? જવાબદારી છોડી દેવી? જેમ ચાલે છે એમ ચાલવા દેવું? તો પછી બહેનો કુટુંબ અને જ્ઞાતિ કેવી રીતે ટકશે અને ખમતીધર થશે? બહેનો આપણે આજ ઘડીએ (નહીં કે આ થઇ જશે કે પેલું પતી જશે પછી) શું પગલા (એક્શન) લઇ શકીએ છીએ? ચાલો આજ ઘડી એ પગલા લો અને એના અનેરા આનંદનો અનુભવ કરો.*

*સૌથી અગત્યની વાત, કેટલી કદઓ બહેનો શારીરિક રીતે એકદમ સુસજ્જ છે? અને દરરોજ વ્યાયામ કરે છે? (મારા મતે ચાલવું એ વ્યાયામ નથી જ) તમારે કાંઇપણ બનવું હશે કે નામના મેળવવી હશે તો તમારી શારીરિક સુસજ્જતા ૨૦૦% રાખવી પડશે. અને આથી માનસિક સુસજ્જતા વધશે અને કોઇપણ વિઘ્ન કે બાધા તમને ચલિત નહીં કરી શકે. જીવનમાં વિઘ્ન અને બાધાઓનો તો સામનો કરવાનો જ છે.*

*છેલ્લે કદઓ બહેનો સક્ષમ છે. વાત છે તેમની પોતાની સક્ષમતા બહાર લાવવાની, જિંદગી સવારવાની, પોતાની અને બને તો બીજાની પણ. જમાનો પુરુષ પ્રધાન નથી પણ તમે ક્યાં બદલાવ લાવી શકો છો એનો છે. પગલા માંડો અને મંજીલ પોતાની રીતે બની જશે. આ બદલાવ આજ ઘડીથી થવો જોઇએ. આ તંત્રીલેખની પ્રેરણા આપણા જાણીતા સમાજસેવી બહેને આપી અને એમના અનુભવ અને લખનારના અનુભવના આધારે લખાયેલ છે.*



***– એડ. ઉદયન શાહ***

## કલ્પવૃક્ષ




પ્રકાશ સમીક્ષાના તંત્રી શ્રી હિરાચંદભાઇ દંડ એ તંત્રી સ્થાનેથી કલ્પવૃક્ષ બાબતે પ્રકાશ સમીક્ષાના અંક ૫/૫/૨૨માં ખુબજ સરસ સુઝાવ પ્રકાશીત કરેલ છે એમનો ખુબ ખુબ આભાર.

આવીજ રીતે સમસ્ત મહાજન પ્રમુખ શ્રી તેમજ સમાજના શ્રેષ્ઠી આગેવાનોને આ પ્રશ્નને ઉકેલવા સહિયારો પ્રયત્ન કરવા વિનંતી છે.

**કલ્પવૃક્ષ સકારાત્મક ગ્રુપ :** આ નામથી એક ગ્રુપ ચાલુ કરવામાં આવેલ છે. આ ગ્રુપ માં દરેક કે ડી ઓ ભાઈઓ જોડાઈને કલ્પવૃક્ષ સંબંધિત પોતાનો મત–અભિપ્રાય–સુઝાવ શેયર/ફોરવર્ડ કરશો. ગ્રુપમાં જોડાવા માટે મોબાઈલ નંબર ૯૬૬૪૯૪૪૩૪૬ ઉપર સંપર્ક કરી જોઈંટ થઈ શકશો. ગ્રુપમાં વધારેમાં વધારે મેમ્બર જોડાય એવો પ્રયત્ન કરશો.

આમાં કલ્પવૃક્ષ સિવાયના બીજા કોઈ પણ મેસેજ પોસ્ટ ન થાય તેની કાળજી રાખવી. આ ગ્રુપનો ઉદ્દેશ કલ્પવૃક્ષ પ્રકરણનો શાંતતાથી સર્વમાન્ય સમાધાન કરવાનો સકારાત્મક પ્રયત્ન કરવાનો છે. દરેક મેમ્બરે મર્યાદામાં રહીને જ મેસેજ પોસ્ટ કરવાના રહેશે. કોઈને પણ ઉતારી પાડવો અગર લડાઈ ઝગડા થાય એવા મેસેજ પોસ્ટ ન થાય એની કાળજી રાખવાની રહેશે.

શુભાશયથી આ ગ્રુપ ચાલુ કરવામાં આવેલ છે. એમાં જેમની પાસે કલ્પવૃક્ષના શેયર નથી તે ભાઈઓને વિનંતી છે કે તેમણે આ પ્રકરણનો શાંતતાથી સર્વમાન્ય સમાધાન થાય એવા પ્રયત્નના મેસેજ સુઝાવ આપવાના રહેશે.

**– તેજકુમાર જૈન (રાજકોટ)**



U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ - ૨૧

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

## ''જીવનની અનોખી પાઠશાળા-૩''



યુવા સમેલનને ઉદ્બોધિત કરતા શ્રી તિલોકચંદભાઈ

(લેખકની નોંધ : આ લેખમાળાને આગળ વધારવા કેટલીક પુરક માહિતી મને શ્રી શૈલેષ સનતકુમાર લોડાયા (સિંધોડી મોટી-સાયન) (શ્રી ગોવિંદજી નેણશી સોની, સાયરા-ધુલિયા, મ. એકમના સહમંત્રી) તરફથી તથા કે.ડી.ઓ. વી.પી. કોમ ની એપ ઉપરથી મળી છે અને જે ખાતરીપુર્વક હોવાથી તે માહિતીનો ઉપયોગ આ લેખમાળામાં કર્યો છે. હું શ્રી શૈલેષભાઈનો, શ્રી ગોવિંદજીભાઈ તેમજ કે.ડી.ઓ.વી.પી. નાં અધિકારીઓનો ઋણી છું તે છતાં કોઈ ભુલ રહી ગઈ હોય તો તે માટે ક્ષમસ્વ છું.)

હું દિવાનખાનામાં દાખલ થયો ત્યારે ઘડિયાળમાં લગભગ ૧૦ ના ટકોરા થતા હતા. દિવાનખાનામાં એકમનાં પદાધિકારીઓ અને કેટલાક શ્રેષ્ઠીવર્યો ઉપસ્થિત હતા. શ્રી તિલોકચંદભાઈ એ મારું અભિવાદન કર્યુ અને સોફા ઉપર તેમની સાથે બેઠક લેવા આહ્‌વાન કર્યું.

દિવાનખાનામાં નજર ફેરવી તો તે વખતે ફક્ત બે કે ત્રણ વ્યક્તિઓને જ હું ઓળખતો હતો. એક હતા સ્વ. શ્રી શાંતિલાલ મુલજી શિયાળ (જખૌ-સાંતાક્રુઝ) તેઓ શ્રી લગભગ ઈ.સ. ૧૯૮૨-૮૪ના શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મુંબઈ મહાજનનાં પ્રમુખ હતા તેમજ કેડીઓ કલાસીકનાં સ્થાપક. કોટન નાં વેપારમાં તેમની પ્રભુતા હતી અને કદાચ ''અધ્ધા''ના તેઓ ખાસ સલાહકાર હતા. મુંબઈમાં ડી.એન. રોડ પર આવેલ વિજય કોટનની ઓફિસમાં અવારનવાર તેમને મળવાનું મને યાદ છે. જિજ્ઞાસુ આંખો અને વિચક્ષણ બુદ્ધિ ધરાવતા શ્રી શાંતિલાલભાઈ પાસેથી મને શીખવા મળેલ કે આપણી સમક્ષ સમાજનાં કે જીવનનાં પ્રશ્નો આવે તો રીએક્ટ **(React)** નહીં થવાનું પણ શાંતિથી સાંભળી, વિચાર કરી તરફેણ અને વિરુદ્ધની દલિલોનું **(Proact)** માનસિક સમતોલન કરી આત્મવિશ્વાસપૂર્વક નિર્ણય લેવાનો.

બીજી વ્યક્તિ હતી શ્રી વિનોદ ખીમજી લોડાયા (કોઠારા-ઓરંગાબાદ) તેઓશ્રી અમારા કુટુંબનાં સ્નેહીજન હતા અને સિવિલ ઈન્જીનિયર હતા અને કદાચ બાંધકામનાં ધંધા સાથે સંકડાયેલા હતા. ત્રીજી વ્યક્તિ જેમની ઓળખાણ શ્રી તિલોકભાઈએ કરાવી તે હતા સ્વ. શ્રી ચન્દ્રકાન્ત ગુલાબચંદ લોડાયા(વારાપદ્ધર-ધુલિયા) તેઓશ્રી રોટરી ઈન્ટરનેશનલની ડિસ્ટ્રીક્ટ-૩૦૬૦નાં ભુતપૂર્વ પ્રાંતપાલ હતા, અને ધુલિયાની ડ્રીમલેન્ડ હોટલનાં માલિક. જ્યાં એકમનાં કામકાજ માટે મને બે-ત્રણ વખત રહેવાનો તેમજ તેમનાં ધર્મપત્ની કાન્તાબેનની મહેમાનગતિ માણવાનો મોકો મળેલ અને તેઓ પણ શૈક્ષણિક અને સામાજીક સેવા સાથે સંકડાયેલ હતા.

ચોથી વ્યક્તિ હતા સ્વ.શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા-સાંગલી) જેઓ હળદરનાં વેપાર સાથે સંકાડાયેલા હતા. પાંચમી વ્યક્તિ હતા સ્વ. શ્રી દિપક દામજી પોલડીયા (મંત્રી મ. એકમ) (ગોએરસમા-ભુસાવલ) કપાસ-જિનીંગ ફેક્ટરીનાં માલિક - સકારાત્મક વિચાર ધરાવનાર પણ કામ કરી દેખાળનાર. છટ્ટી વ્યક્તિ હતા સ્વ.શ્રી કેશવજી નેણશી શિયાલ (જખૌ-જાલના) સદા હસમુખ વ્યક્તિત્વ ધરાવનાર.

આ બધા મારી પાઠશાળાનાં મારા માટે શિક્ષકો બનવાના હતા. બાકી કેટલાંક પદાધિકારીઓનાં નામ વિસરાઈ ગયા છે તે માટે હું દિલગીર છું.

શ્રી અધ્ધાએ ત્યારે કહ્યું કે ''શ્રી મણિલાલ લાપસિયા (રંગપુર-આકોલા ભુતપૂર્વ એકમનાં માનદ્‌મંત્રી) સોમચંદભાઈની ઓળખાણ કરાવનાર હતા પણ કોઈ કારણસર આવી શક્યા નથી, તો તમેજ તમારી ઓળખાણ આપો. ત્યારે હું કાંઈ બોલું તે પહેલાં જ સ્વ. શ્રી શાંતિલાલભાઈએ કહ્યું કે સોમ ધરમશી ને હું સારી રીતે ઓળખું છું. અમારા મુંબઈ મહાજનની હદમાં આવેલ ડોંબીવલીનાં શ્રી ક.દ.ઓ. મંડલના ભુતપૂર્વ પ્રમુખ, એક સંનિષ્ઠ સામાજીક કાર્યકર તેમની સાથે કેડીઓ કલાસીકનાં ડોંબીવલીમાં આયોજીત કરેલ ''આઈ-કેમ્પ''ની સંપૂર્ણ જવાબદારી ઉપાડી સફળ બનાવનાર... (અહીં હું વધારે લખતો નથી કારણ કે વધુ લખીશ તો આત્મશ્લાધા થઈ જશે.)

(વધુ આવતા અંકે...)

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સમય સોનાથી પણ વધુ મુલ્યવાન છે.

## તેરા તુઝકો અર્પણ, ક્યા લાગે મેરા

જગવલ્લભ પાર્શ્વનાથ દાદાના સાંનિધ્યમાં જન્મથીજ રહેવાનુ મળ્યું. નિયમિત દર્શન અને પર્વ દિવસે પૂજા આજ ક્રમ ચાલ્યું. ૧૯૯૪માં પિતાજીને વ્યવસાયમાં ખોટ પડી અને ધંધો બંધ કરવામાં આવ્યો. તે સમયે દેરાસરોમાં પુજારીની જરૂરત હતી. સમય ખરાબ થાય તો પ્રભુ સિવાય કોની શરણાગતિ?

પિતાજી પર્વના દિવસોમાં દેરાસરમાં સહયોગ આપતા હતા અનુભવ હતો અને જરૂરત પણ હતી. તેથી નક્કી થયું કે દેરાસરમાં પુજારી તરીકે કાર્ય કરવું. જેના દાદા શ્રી કાનજી લધા લોડાયા, નલિયા (મુંબઈ-ખંડવા) દેરાસર માટે આપણી તરફથી ઉજ્જૈની નગરીથી પ્રાચીન જગવલ્લભ પાર્શ્વનાથ, શાંતિનાથ, ચંદ્રપ્રભસ્વામી લાવ્યા, તેમના હાથે પ્રતિષ્ઠા કરાવી તેમનાજ દોહિત્રાને કર્મના લીધે પુજારીનું કામ કરવા પડી રહ્યું છે ? વિચાર કરવા જેવું છે. પિતાજી જે પણ કામ કરે તે ઈમાનદારીથી તેને ભજવે. અને તે પરમાત્માના સેવામાં રમી ગયા. તબયીતના લીધે માર્ચ ૨૦૦૮માં તેમાં સેવા છોડી દીધી. તેમના ૧૫ વર્ષના કાર્યકાળમાં જેટલા પણ ગુરુ ભગવંતો ખંડવા આવ્યા, તેમની સેવાથી બધાના આશીર્વાદ તેમને મળ્યા.




હું ધર્મથી નિયમિતરૂપથી ૨૦૦૧માં ચાતુર્માસથી જોડાયો. એમ તો એના પહેલા પણ ખંડવા આવતા ગુરુ ભગવંતોની ગોચરી પાણી માટે અમે આસપાસના ગામો સુધી જતા. ચાતુર્માસ પછી ધર્મની લગન લાગી. ૨૦૦૨માં અચલગચ્છના બે સાધ્વી ભગવંતફ ઈંદોરથી ખંડવા પધાર્યા. પૂ. મુક્તિરસા અને પૂ. સામ્યકરસા મ.સા. તેમની પાસે અષ્ટોત્તરી ભણવા માટે જતો હતો. એક દિવસ તે સાધ્વીજી એ કહ્યું કે ભવિષ્યમાં તારી સ્થિતિ સારી થઈ જાય તો પિતાજીને દેરાસરથી જે પગાર મળે છે તે દેરાસર ટ્રસ્ટને પાછો કરી આપજે. પગાર સાધારણ ખાતાથી મળતુ હતુ. મે કહ્યું કે સાહેબજી મારી કમાઈ આટલી છે કે મારા ઘર અને મારો વ્યવહાર નભી જાય બસ. પણ હું ભાવના રાખુ છું કે એક દિવસ મારા હાથે તે કાર્ય થઈ જાય. સમય પસાર થતો ગયો. અનેક ગુરુ ભગવંતોના આશીર્વાદ મળતા ગયા. જયારે ધર્મની ભાવના વધે છે ત્યારે ધન કમાવવાની ભાવના ઓછી થાય છે. ૨૦૦૮ માં જયારે પિતાજી નિવૃત થયા ત્યારે મારી જવાબદારી વધી ગઈ. જગવલ્લભદાદાથી નિયમિત રૂપે ભેટ થતી હતી.

લક્ષ્ય તો હતું જ પણ એ ક્યારે થશે તેમને ખબર ન હતી. મેં તૈયારી કરી લીધી, મનને મક્કમ બનાવી લીધું. મને આ કાર્ય કરવું જ છે અને ટીપે ટીપે સરોવર બંધાય તે પ્રમાણે મેં એને ગતિ આપી. હવે તૈયારી હતી તે ઋણથી મુક્ત થવાની. બસ અવસર મળ્યુ પ.પૂ.સા. જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા. હિમાંશુશ્રીજી મ.સા.ના આ ચાતુર્માસમાં. મારા વલ્લભ જગવલ્લભદાદાથી વાત કરી. ગુરુ પૂર્ણિમાને દિવસે ટ્રસ્ટના પદાધિકારીઓને પ.પૂ.સા. ભગવંતોની હાજરીમાં ચેક આપી મારૂં પિતાજી પ્રત્યેનું કર્તવ્ય નિભાવ્યુ. સાચા લક્ષ્યને પામવા સમય તો લાગશે પણ તે પરો થઈ જાય છે. તેરા તુઝકો અર્પણ, ક્યા લાગે મેરા.

**- અંકીત હંસકુમાર લોડાયા-તેરા (વડોદરા)**

---

કોરોના કાળમાં ગયા વર્ષે એના દાદી રતનબાઈ દામજી લોડાયા અમારા કાકીશ્રી થાય. તેઓને કોરાના થઈ જવાથી એક માસ હોસ્પિટલમાં એડમીટ કરવા પડ્યા. લગભગ રૂા. ૫૦,૦૦૦/- જેવો ખર્ચ થયો. જીવ તો ન બચ્યો મોક્ષગામી બની ગયા. કુમારભાઈ દંડના પ્રયત્નોથી અનંતનાથ ટ્રસ્ટમાંથી રૂા. ૫૦,૦૦૦/- તેમજ રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટમાંથી રૂા. ૫૦,૦૦૦/- ટોટલ એક લાખની સહાય મળી જે વર્ષ પછી રકમ સગવડ થઈ જતા અંકીતે રકમ બન્ને ટ્રસ્ટને રીટર્ન કરી આપી. એનું કહેવું થયું જે સંસ્થાની મળેલ સહાય આપણી પાસે સગવડ થઈ જવાથી જમા કરાવીએ તો સંસ્થા આપણા જેવા બીજા કોઈને મદદરૂપ થઈ શકે. કેવો ઉમદા વિચાર. ખરેખર અનુમોદનીય છે.

**- શાંતિલાલ કલ્યાણજી લોડાયા**
**તેરા (વડોદરા)**

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**


Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on

આરોગ્ય પ્રકાશ

# જેનું પેટ સાફ; તેને ઘણા રોગોથી માફ



- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**

પહેલા વડીલો કહેતા કે, 'જેનું પેટ સાફ તેને ઘણાં રોગોથી માફ' એટલે કે થોડું આમતેમ ક્યારેક ખાય કે ભોજનના નિયમ ક્યારેક ન પળાય તો પણ તેને ઘણું કરીને બિમારીઓ ન થાય. પહેલાના જમાનામાં સંયુક્ત કુટુંબમાં હળીમળીને બધા પ્રેમથી રહેતા. અડોશી-પડોશી તો ઠીક કુતરા, ગાય કે કીડી જેવા નાના જંતુની પણ ફીકર કરતા. 'કોઈ આવે તો ખાઉં' જેવી ઉચ્ચ ભાવના હતી. હવે તો 'મહેમાન જાય તો ખાઉં' જેવી સ્વાર્થી ભાવનાઓ વધી ગઈ છે. મા-બાપની પરવાહ ન કરતાં સંતાન અલગ રહેવા લાગ્યા છે. આર્થિક સંપત્તિને જ સુખ માની ભૌતિક સુખ પાછળ આંધળી દોટ મુકે છે અને તેને લીધે ટેન્શન, સ્ટ્રેસ આવે છે અને તેને લીધે ઘણી માનસિક તેમજ શારીરિક બિમારીઓ ભોગવી રહ્યા છે. પહેલાના જમાનામાં ટેન્શન, સ્ટ્રેસ જેવી બિમારીઓ ભાગ્યેજ થતી એટલે વૈદ્યો, અનુભવી વડીલો પેટ-પાચન તરફ ધ્યાન આપવાની વાત કહેતાં. આજે ટેન્શન-સ્ટ્રેસ નાના-મોટા સૌને જ છે. બાળકોને પણ અભ્યાસ અને પ્રથમ રહેવાના ધ્યેયમાં ટેન્શન હોય છે અને આને લીધે જ ઘણા રોગો થાય છે. આ સ્ટ્રેસ-ટેન્શનની બાબત છોડીને આજે અહીં આપણે પેટ પાચન વિશે જોઈએ.

પેટ સાફ કોને આવે? જેને બરાબર ભૂખ લાગતી હોય, જેનું પાચન બરાબર હોય, ભોજનના નિયમ પાળતા હોય એટલે કે ખાવા-પીવામાં નિયમિત હોય, ઘરનું પૌષ્ટીક ખોરાક ખાતો હોય, ઉણોદરી પાળતો હોય, જેટલા બને તેટલા ફળો, શાકભાજી જેવા રેષાવાળા પદાર્થો ખાતો હોય, ચાલવું, કસરત વગેરે કરતો હોય (બેઠાડુ જીવન ન હોય) એને નિયમિત સવારે એકવાર પેટ સાફ આવે. દિવસમાં એકવાર સંડાસ જાય એ જોગી, બે વખત જાય તે ભોગી અને ત્રણ કે વધુ વખત જાય તે રોગી. એ હકીકત છે. ભોજનના નિયમ ન પાળતો હોય તેને બરાબર ભૂખ પણ ન લાગે, પાચન પણ ન થાય તેમજ પેટ પણ એક વખતમાં સાફ ન થાય.

ઘણાંને એમ થાય છે કે જીવનમાં જો ખાવા-પીવાની મજા ન માણીએ તો જીવનનો અર્થ શું? જીવનનું સૌ પ્રથમ કર્તવ્ય છે કે શરીરને સાજુ-નરવું-નિરોગી રાખવું. શરીર નિરોગી હશે તો જીવનના તમામ સુખ માણી શકશું. ઘરના ને તેમજ અન્યને મદદ કરી શકશું, સેવા અને ધર્મ કરી શકશું. નાનપણમાં બાળક ઉછળકુદ કરતું હોય એટલે ભૂખ પણ લાગે અને પચી પણ જાય. પણ વધુ પડતી ચોકલેટ, બિસ્કીટ, મેંદાની વસ્તુઓ ખાતો હોય, શાકભાજી-ફળો ઓછા લેવાતા હોય તો ધીરે ધીરે એનું પેટ-પાચન બગડવાનું જ અને વહેલી ઉંમરે બિમારીઓ લાગુ પડવાની જ. આજકાલ યુવાનીમાં અભ્યાસ, કામકાજ, વ્યવસાયને લીધે શારીરિક વ્યાયામ ઘટે છે. (બેઠાડુ જીવન) અને ખાવાપીવાની નિયમીતતા ન હોય, ઘરના નાસ્તા-જમણના બદલે મોટાભાગના યુવાનો બહારના જમણ-નાસ્તાની આયટમો, ફાસ્ટફુડ, તૈયાર પેકેટના ખાદ્ય ખાય, જમ્યા બાદ ઠંડુ પાણી, ઠંડા પીણા કે આઈસ્ક્રીમ ખાય એટલે જઠરાગ્નિ જે ખોરાકને પચાવે છે તે મંદ પડે છે. પાચન બગડે છે અને ભોજનના નિયમ ન પાળવાને લીધે નાની ઉંમરે જ વિવિધ બિમારીઓના શિકાર બને છે. અજીર્ણ, ગેસ, એસીડીટી, કબજીયાતથી લઈને હાઈ બી.પી., થાયરોઈડ, ડાયાબીટીઝ, હાઈ-કોલેસ્ટ્રોલ (સારું કોલેસ્ટ્રોલ ઓછું અને ખરાબ કોલેસ્ટ્રોલ વધુ) થાય છે. હૃદયની આર્ટરી (ધમની)માં બ્લોકેજ થવું. ૩૦-૪૦ વર્ષની ઉંમરે હાર્ટએટેક આવવાનું પ્રમાણ યુવાનોમાં દિવસે દિવસે વધતું જાય છે. બજારુ ખાદ્યમાં વપરાતા રિફાઈન્ડ તેલ, પામ તેલ કે ટ્રાન્સફેટ, કેમીકલ્સ પ્રીઝરવેટીવ વધુ મીઠું (નમક) અને સાકર તો આ બિમારીઓ માટે જવાબદાર છે જ પણ સાથે સાથે ભોજનના સામાન્ય નિયમ ન પાળવા, શાકભાજી, સલાડ, ફળો, ડ્રાયફ્રુટ્સ ભાગ્યેજ ખાવા અને બેઠાડુ જીવન પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

(ક્રમશઃ)

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** **Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ,
રોડ નં. ૯, શિવસેનાના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

# સંપત્તિના ભાગ

'પપ્પા ! તમે આજે સવારે સંપત્તિના ભાગ પાડી દેવાનો જે નિર્ણય જાહેર કર્યો છે એ અંગે મારે તમને એટલું જ કહેવાનું છે કે સંપત્તિના ભાગ અમારા ત્રણ ભાઈઓ વચ્ચે કેવી રીતે પાડવા એનો નિર્ણય જો તમે જ કરવાના હો તો એ મને માન્ય નહીં રહે.'

માત્ર ૨૬ વરસના નાના દીકરાએ વાલકેશ્વરના વિશાળકાય ફ્લેટમાં રાતના સમયે પોતાના પપ્પા પાસે સ્પષ્ટ રજૂઆત કરી દીધી.

'તો એ નિર્ણય કોણ કરશે ?'

'હું કરીશ' ?

'તું' ?

'પણ સંપત્તિ મારી પોતાની છે. કયા દીકરાને કેટલી સંપત્તિ આપવી એ અધિકાર મારો છે. મારા એ અધિકારને અમાન્ય કરવા પાછળનું કારણ' ?

'મને તમારા નિષ્પક્ષપાતી વલણ અંગે શંકા છે.' અને પોતાના જ દીકરાને મોઢે આ વાત સાંભળતાં બાપ સ્તબ્ધ થઈ ગયો. વરસોથી પ્રેમ, સ્નેહ અને વાત્સલ્ય દ્વારા ૧૭-૧૭ સભ્યોના કુટુંબને એક રસોડે જમતા રાખવામાં જે બાપે સફળતા મેળવી હતી, એ જ બાપને પોતાના જ દીકરાને મોઢે આવો આક્ષેપ સાંભળવા મળે ત્યારે જે આઘાત લાગે એ આઘાત તો જે બાપને સ્થાને હોય એ જ સમજી શકે. છતાં બાપે સ્વસ્થતા ધારણ કરી રાખીને પૂછ્યું. 'મારા પક્ષપાતી વલણ માટે તારી પાસે આધાર શો છે' ?

'જુઓ પપ્પા, મારે તમારી સાથે કોઈ દલીલમાં નથી ઊતરવું. અને છતાં મેં તમને જે વાત કરી છે એમાં મારે કોઈ ફેરવિચારણા પણ નથી કરવી.

સંપત્તિના ભાગ પાડવા જ હોય તો એ ભાગનો નિર્ણય આ ઘરમાં મારા સિવાય બીજો કોઈ જ નહીં કરી શકે.' આટલું કહીને દીકરો પોતાના કમરામાં ચાલ્યો ગયો. ઘરનું શાંત વાતાવરણ ડહોળાઈ ગયું.

બાપે મોટા દીકરાને વાત કરી, મોટા દીકરાએ પળનાય વિલંબ વિના કહી દીધું, 'પપ્પા ! આમાં શી મોટી વાત છે? તમે કહી દો નાનાને, એ જે રીતે ભાગ પાડશે એ અમને બધાંયને માન્ય રહેશે.

આખરે તો એ અમારો ભાઈ જ છે ને ? આપના નિર્ણય અંગે આપને માટે એના મનમાં ભલે શંકા હોય, એના નિર્ણય અંગે એના પર આ ઘરમાં મને તો નહીં, પણ કોઈને ય શંકા નથી.'

મોટા દીકરાની આ વાત સાંભળીને બાપની આંખમાં આંસુ આવી ગયા. ક્યાં મોટાના હૃદયની ઉત્તમતા અને ક્યાં નાનાના દિલની અધમતા? છેવટે કચવાતે મને બાપે નાનાની વાત સ્વીકારી.

રાતના નવેક વાગ્યે ત્રણેય દીકરાઓ બાપ પાસે આવી ગયા. ઔપચારિક વાતો થયા પછી બાપે ત્રણેય દીકરા પાસે વાત મુકી. એક કરોડની સંપત્તિ મારે તમારા ત્રણ વચ્ચે વહેંચવાની છે, અને એ વહેંચણી કેવી રીતે કરવી, એનો નિર્ણય તમારો આ નાનો ભાઈ અત્યારે જ જાહેર કરે છે.' પળનીય વાર લગાડ્યા વિના નાનાએ પોતાનો નિર્ણય જાહેર કરી દીધો.

'જે ભાઈની જેટલી ઉંમર છે, એ ભાઈને એટલા લાખ રૂપિયા પપ્પા આપી દે.'

સહુ આ નિર્ણય સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. પપ્પાની આંખ તો ગંગા જમના વરસાવવા લાગી. 'તું શી વાત કરે છે?' એટલું એ બોલી શક્યા.

'પપ્પા! સંપત્તિની વહેંચણીનો અધિકાર તમારા હાથમાં રાખ્યો હોત તો તમે અમને ત્રણેય ભાઈઓને સરખે ભાગે રકમ આપી દેત.

જે ધંધાને તમે શરૂ કર્યો છે, મોટાભાઈએ વિકસાવ્યો છે, અને વચલાભાઈએ ટકાવી રાખ્યો છે, એ ધંધામાં થયેલી કમાણીનો સમાન હિસ્સો એ ધંધામાં દાખલ થયા વિના જ મને મળી જાય એ વાત મને મંજૂર નહોતી અને એ હિસાબે જ મેં સંપત્તિની વહેંચણીના તમારા અધિકારને પડકાર્યો હતો. પપ્પા ! મારા એ વર્તાવથી તમને થયેલા દુઃખ બદલ હું માફી તો માગું છું.. પણ તમે મારા નિર્ણય પર સંમતિની મહોર છાપ લગાવી દો, એટલે ઘરના વાતાવરણમાં પાછી પૂર્વવત પ્રસન્નતા પ્રસરી જાય !'

બાપની આંખ દીકરાના આ શબ્દો પર હર્ષાશ્રુથી છલકાઈ ઊઠી. મોટા દીકરાની ઉંમર ૪૦ વરસની હતી, એને ૪૦ લાખ. વચલા દીકરાની ઉંમર ૩૪ વરસની હતી, એને ૩૪ લાખ. અને નાના દીકરાની ઉંમર ૨૬ વરસની હતી, એને ૨૬ લાખ !

બાપને લાગ્યું કે 'દિલના ભાગ પડવા દીધા વિના સંપત્તિના ભાગ પાડી દેવામાં નાનાએ જે સફળતા મેળવી એ સફળતા સંપત્તિના ભાગ પાડવાનો અધિકાર મારા હાથમાં મેં રાખ્યો હોત તો મને ન જ મળત ! મારુંય સદભાગ્ય છે કે હું આવા ગુણિયલ દીકરાનો બાપ છું. **(વોટ્સએપમાંથી)**

**શબ્દ કોયડો**

# ધર્મસંદેશ - તા. ૦૫-૧૧-૨૦૨૨

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)

મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ :**

૧) ૧૪૫૨ની સંખ્યા કોની? (૪)
૪) એક અનંતકાય (૪)
૬) ઉપાધ્યાયપદની આરાધના આ ધાન્યથી થાય (૨)
૭) બાવીસ તીર્થંકરોની માતાને પ્રથમ સ્વપ્નમાં શું આવ્યું (૨)
૯) એક સિવાયના બધા તીર્થંકરો ..... છે (૨)
૧૦) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૪)
૧૩) દેવોના પ્રકાર કેટલા? (૨)
૧૪) કોના માટે ભામાશાએ પોતાના ભંડાર ખોલી આપ્યા (૫)
૧૭) અવધિજ્ઞાનના ભેદ કેટલા? (૧)
૧૮) પ્રભુ (૩)
૨૦) કયા તીર્થંકરના ચાર મુષ્ઠિ લોચ થયા હતા (૪)
૨૧) મુનીને લાડુ વહોરાવવી કોણે પાછું માંગ્યું (૫)
૨૩) તપના કેટલા પ્રકાર (૧)
૨૪) ઋષભદેવના પત્ની કેટલા? (૧)
૨૭) સ્થાવર કાયના જીવો (૩)
૨૯) કુંબોજગીરીમાં આ આકારનું જીનાલય છે. (૩)
૩૦) આવતી ચોવીસીના ઓગણીસમા તીર્થંકર (૪)

**ઊભી ચાવીઓ :**

૧) ચિંતામણી પાર્શ્વનાથનું જીનાલય કર્ણાટકના આ શહેરમાં છે (૩)
૨) ૮ મું સ્વપ્ન (૨)
૩) બાર ચક્રવર્તીમાંના એક (૩)
૪) મુનિસુવ્રત સ્વામીનો દિવસ (૪)
૫) અગિયારમું સ્વપ્ન (૩)
૬) .... ને કાબુમાં રાખો (૨)
૮) એ શ્રાવકોની કુળદેવી છે (૩)
૧૧) સોળ સતીમાંનો એક (૨)
૧૨) ભાનુ એ ધર્મનાથના ..... છે (૨)
૧૩) ચૌદમું પાપ સ્થાનક (૨)
૧૪) તારંગા તીર્થની રક્ષા કરનાર (૬)
૧૫) દિવસના બે .... કરવા જોઈએ (૫)
૧૬) વીસ વિહરમાનમાંના એક (૩)
૧૮) પદ્મકમલ એ ક્યા વિસ વિહરમાનનું લાંછન છે (૩)
૧૯) ચડાવાની બોલીઓ ...... માં બોલાય (૨)
૨૦) પ્રાતિહાર્ય કેટલા? (૨)
૨૨) .... જાશું ને પાવન થાશું (૪)
૨૫) રાજલોક કેટલા? (૨)
૨૬) ગૃપ્તી કેટલી? (૨)
૨૭) શ્રવણ બલગોડામાં દર .... વર્ષે બાહુબલીનો અભિષેક થાય? (૨)
૨૮) ઘણે ઠેકાણે જીનાલય આ આકારનું હોય છે. (૨)

**ધર્મસંદેશ - ૨૦.૧૦.૨૦૨૨ના જવાબો : આડી ચાવીઓ :** (૧) શ્રાવસ્તિ (૩) આરણ (૬) વહી (૭) છરી (૮) સાસુવહુ (૧૦) શેરીસા (૧૨) મન (૧૩) ભવનપતિ (૧૭) આબુ (૧૮) અભિનંદન સ્વામી (૨૩) દસ (૨૪) સ્ત્રી (૨૫) યુગલીકો (૨૭) રાઈ (૩૦) રાગ (૩૧) બાર (૩૩) ડભોઈ (૩૪) લવણ (૩૬) ચાર (૩૭) સૂર્ય (૩૮) લોક.

**ઊભી ચાવીઓ :** (૧) શ્રાવક (૨) વહી (૩) આરીસાભવન (૪) વસુમતિ (૫) બાહુ (૭) છરી (૯) વન (૧૧) કાન (૧૪) પટ (૧૫) જંબુદ્વીપ (૧૬) નાભિ (૧૮) અમીઝરા (૧૯) નંદન (૨૦) દસ (૨૧) મીનયુગલ (૨૨) ગહુલી (૨૬) કોબા (૨૮) ઈડર (૨૯) ભાઈ (૩૨) રક્ષક (૩૫) વજ્ર.

# ક્ષમા વીરસ્ય ભૂષણમ્
# ક્ષમા : પારિવારિક પ્રશ્નોના નિરાકરણની જડીબુટ્ટી

દિનપ્રતિદિન મનુષ્યનું જીવન યંત્રવત્ બની રહ્યું છે. એ થોડી થોડી વાતમાં હતાશ-નિરાશ-મૂડલેસ થઈ જાય છે. દુઃખના વમળોમાં ધકેલાઈ જાય છે. એ પળભર પણ ધીરજ ધરી શકતો નથી, પોતાની મરજી સચવાતી નથી ત્યાં તે ભભૂકી ઊઠે છે, પારકા દોષ દેખી એનો પારો આસમાને ચઢે છે. પરિણામે, સમાજમાં તેની દશા હતપ્રભ જેવી બને છે, સ્વાસ્થ્ય પણ કથળે છે, હાઈ બ્લડપ્રેશર જેવાં રાજરોગ એને કોરી ખાય છે. આ બધી સમસ્યા ઉકેલવા અહીં પ્રસ્તુત છે એક એવું ક્ષમાનું અમોઘ શસ્ત્ર કે જે હાથવગું રાખવાથી સુખ-ચેનને શાંતિની જિંદગી મળે છે.

ક્ષમા આપવી એ વ્યક્તિમાં રહેલો મોટો સુણ છે. ક્ષમા બક્ષવી એટલે કોઈક વ્યક્તિની ગેરવર્તણુંક કે અપકૃત્યને માફ કરી દેવું. તેના ગેરવ્યાજબી વ્યવહાર કે વર્તન તરફ દુર્લક્ષ્ય સેવી તે દરગુજર કરવું. કોઈકે તેના વર્તન કે વાણી દ્વારા ખરેખર નુકસાન પહોંચાડ્યું હોય કે નુકસાન પહોંચાડવામાં મદદ કરી હોય, તો એ નુકસાન વેઠીને પણ તેના પ્રત્યે ઉદાર વલણ દાખવવું. ઉદારતા એ ક્ષમાની જનની છે. જે વ્યક્તિમાં ઉદારતાનો ઉદધિ ઊછળતો હોય તે વ્યક્તિ જ ક્ષમાનાં વાદળો વરસાવી શકે. પોતાના કોઈક ગેરવ્યાજબી વર્તન કે કટુ વાણી બદલ અન્યની ક્ષમા માગવી એ પણ એક ગુણ છે. પોતાની ભૂલ ન હોય અને અન્યની ભૂલને પોતાને માથે લઈ, ક્ષમા માગવી એ અતિ મોટો ગુણ કહેવાય. યોગીજી મહારાજે અને પ્રમુખસ્વામી મહારાજે ઘણાં પ્રસંગોએ અન્યની ભૂલો પોતાના માથે ઓઢી ક્ષમા માંગી છે. એટલું જ નહીં તેમણે અન્યના દોષોને અવગણી ક્ષમા બક્ષી છે, એ તો એવો વિશિષ્ટ ગુણ છે જે આવા વિરલ, ઉદારચરિત પુરુષોમાં જ જોઈ શકાય. અને એટલે તો ક્ષમાદાન આપનાર વ્યક્તિને 'વીર'નું બિરુદ આપ્યું -

'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' માણસ માત્ર ભૂલને પાત્ર હોય છે 'To err is human' - પરંતુ એમ કહી શકાય કે 'To forgive is super- human' કોઈકની ભૂલોને જે માફ કરી દે એ મૂઠી ઊંચેરી વ્યક્તિ ગણાય. સત્સંગી વ્યક્તિના વર્તનની કે વાણીની વિચિત્રતાઓ અને વિષમતાઓને નભાવવી એ પણ 'ક્ષમા'ના ગુણમાં અભિપ્રેત છે. પ્રશ્ન થાય કે આવી વ્યક્તિઓને કદાચ એકાદ-બે વખત દરગુજર કરાય, પરંતુ ક્યાં સુધી તેમને નભાવવા? જ્યારે કોઈ દોષ નજરમાં આવે છે ત્યારે એમ સમજવું કે આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે. તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે તો એનો પૂર્વ જન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે.' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.'

ઈશ્વરમાં પૂરી આસ્થા ધરાવતા એક શહેરના એક ધનિક વ્યક્તિને ઘેર કોઈ લઘરવઘર માણસ આવી અને કરગરવા લાગ્યો કે 'મને અહીં રાતવાસો કરવા દેશો ?' તેની આવી કફોડી દશા જોઈને, પણ ધનિકે તેને કોઈ આશરો તો ન આપ્યો, ઉપરથી ઉપદેશ ઝીંક્યો : 'અલ્યા, પ્રભુની પ્રાર્થના કર તો તારું દળદર ફીટે.' 'એનું નામ ના લેશો, એણે તો મારી આવી દશા કરી છે.' પેલો માણસ ક્રોધથી તાડુક્યો. પ્રભુની આવી નિંદા કરતો સાંભળી આ ધનિકે તેને આકરા શબ્દો કહી કાઢી મૂક્યો. રાત્રે ઘરમંદિરમાં આરતી કર્યા બાદ પ્રભુ સમક્ષ આ ભાઈ કહેવા લાગ્યા, 'પ્રભુ, આજે મેં એક નાસ્તિકને બરાબર શિક્ષા કરી, તેને તગેડી મૂક્યો, એ આપની નિંદા કરતો હતો.' જાણે મૂર્તિમાંથી અવાજ સંભળાયો, 'ભાઈ, તેં આ બહુ ખોટું કર્યું, એ માણસ મને જન્મથી જ ગાળો ભાંડતો આવ્યો છે. મેં તેને આજ સુધી નિભાવ્યો અને હજીય નિભાવ્યા કરૂં છું. તું તેને એક રાત પૂરતો પણ ન રાખી શક્યો ?'

ભગવાન આપણી અગણિત ક્ષતિઓને માફ કરે છે. ઘરની વ્યક્તિઓમાં જો એક ક્ષમાનો સુણ વિકસે તો ઘરમાંથી કજિયા-કંકાસ ટળે, શાંતિ પ્રસરે અને ઘર એક સુખસદન બની જાય. શ્રીહરિ લીલામૃતમાં ક્ષમા-ગુણનો કેટલો બધો મહિમા ગાયેલો છે.

**'ભલા તણું ભૂષણ તો ક્ષમા છે, ક્લેશનું કારણ અક્ષમા છે,**
**ક્ષમા ધરે તે સુખિયા સદાય, ક્ષમા વિના પ્રાણી ઘણા પીડાય.'**

વળી, ક્ષમા જેવો કોઈ જાપ નહીં એમ વર્ણવતાં કહે છે કે, 'ક્ષમાની તુલ્યે નહીં કોઈ જાપ, નિંદાની તુલ્યે નહીં કોઈ પાપ.' આજના આ વિષમકાળમાં કુટુંબનું એકમ હવે તૂટું તૂટું થઈ રહ્યું છે. એક જ કુંટુંબની વ્યક્તિઓ વચ્ચે વિસંવાદિતા અને વિરોધનું વાતાવરણ જોવા મળે છે. કુટુંબરથનાં બે મુખ્ય પૈડાં-પતિ અને પત્ની વચ્ચે પણ એકરાગ હોતો નથી. સાસુ-વહુ વચ્ચેનો ખટરાગ એ પરાપૂર્વથી ચાલી આવતી દુર્ઘટના છે. પિતા-પુત્ર વચ્ચેનો વિચારભેદ વકરતો વકરતો

અબોલામાં પરિણમે છે. એક જ કુટુંબમાં સાથે વસતાં આ સઘળાં પાત્રો જો ક્ષમાનો એક જ ગુણ કેળવવાનો અભ્યાસ કરે તો એનાં અદ્‌ભુત પરિણામો પ્રાપ્ત થાય છે. પત્નીના કોઈ વર્તન કે કડવા વેણ સામે પતિ થોડી ક્ષમા દાખવે અને પત્ની પતિની જો કોઈ વિચિત્રતાઓ હોય તો તે નિભાવવા શીખે, સાસુ વહુ પ્રત્યે થોડી ઉદારતાથી જુએ અને વહુ પણ સાસુની જૂની રહનસહન અને રૂઢિગતતાને થોડી સહન કરે, પિતા પુત્રના અપરિપકવ અભિગમને માફ કરી દે અને પિતા એ આખરે કુટુંબના વડા છે એમ સમજી પુત્ર પણ એમના ઘડપણને સહર્ષ સ્વીકારે તો, કુટુંબમાં કલેશ અને ઉદ્વેગને ઠેકાણે પ્રેમ અને ઐક્યના અંકુરો ફૂટી નીકળે. સંપ, સુહૃદભાવ અને એકતાથી ઓપતું કુટુંબ વિશેષે કરીને, કુટુંબમાં ઉછરતા બાળકોના જીવનઘડતરમાં અમૂલ્ય ફાળો આપી શકે. કુટુંબમાં એકરાગ, અન્યોન્ય પ્રત્યે ક્ષમાભાવના હોવી જોઈએ. પ્રમુખસ્વામી મહારાજે આપેલી 'ઘરસભા'ની એક મહાન સંકલ્પના, જેણે હજારો તૂટતાં નષ્ટપ્રાય થતાં કુટુંબોને સુગંધિત કરી, ઉગારી, સુખનાં સદન બનાવી દીધાં, એ સંકલ્પનાને વધુને વધુ ચરિતાર્થ કરવામાં, કુટુંબના સભ્યોની એકમેક પ્રત્યેની ક્ષમાભાવના અત્યંત આવશ્યક સુણ બની રહે છે. આજે સ્વામીશ્રીએ આપેલ અમોઘ શસ્ત્ર 'ઘરસભા'એ કેટલાં કંકાસિયાં કુટુંબોનાં કલેવર બદલી નાખ્યાં! વિષમતા, વિસંવાદિતા અને ખટરાગના ખડની જગ્યાએ સમતા, સંવાદિતા અને એકરાગનાં ઉપવન ખીલી ઊઠ્યાં. થોડાં વર્ષો પહેલાં અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આયોજિત કાર્યકરોની એક શિબિરમાં ગ્રામ વિસ્તારના એક કાર્યકરે ઘરસભાનો સ્વાનુભવ વર્ણવતાં કહેલું, 'ધૂન, કીર્તનગાન, સત્સંગ, સાહિત્ય વાંચન અને નિરૂપણ પત્યા બાદ તેઓશ્રી ઘરના સૌને પ્રેમપૂર્વક પૂછે છે, 'ચાલો, કહો આજે ઘરમાં કોઈ ચડભડ થઈ હોય તો.' નિખાલસપણે સૌ વાત કરે કે આમ થયેલું - ખાસ કરીને ઘરનાં સ્ત્રી સભ્યો જાતે જ બધું જણાવે!! જો કોઈકને ઊંચે અવાજે બોલવાનું કે વિવાદ થયો હોય તો આ ભાઈ જ ન્યાય આપે અને સૌ તે માન્ય રાખે : 'જુઓ તમે નાનાં કહેવાઓ, આ તમારાં જેઠાણી કહેવાય-આવું પણ એમની સામે ન બોલાય. અવિવેક થયો કહેવાય. સ્વામીને આવું ન ગમે. જાવ, હવે સાત માળા ફેરવીને પ્રાર્થના કરજો કે ફરી આવું ન થાય.' આવી સાત કે અગિયાર માળાઓએ તો કેટલાંય કુટુંબોના માળા પીંખાતા રોક્યા ! સૌ એકમેકને માફ કરી દેવાનું શીખ્યા. ક્ષમા બક્ષવામાં, ક્ષમા બક્ષનારની પ્રૌઢતા સાચા સ્વરૂપે પ્રગટે. વડીલપણું એકવેંત ઊંચું જાય અને અંતરે આનંદ છવાઈ જાય. સાસુ વહુને માફ કરે, એમાં સાસુ અને જનેતા વચ્ચેનો ભેદ ભૂંસાઈ જાય. પિતા પુત્રને માફ કરે તો તે બંને વચ્ચે મિત્રતાનું અદ્વૈત રચાય. પતિ, પત્નીને અને પત્ની પતિને માફ કરે ત્યારે જ સાચી સંલગ્નતા કેળવાય - તેમનાં લગ્ન ૨૫ વર્ષ પૂર્વે થયાં હોય, પરંતુ આવી ક્ષમાભાવનાથી, જાણે હજુ ગઈ કાલે જ લગ્ન થયાં ન હોય એવો ઉલ્લાસ જળવાય. બાળપણનો એક નજરે જોયેલો પ્રસંગ યાદ આવે છે. એક કુટુંબમાં સરકારી નોકરી કરતો, બચરવાળ એવો નાનો ભાઈ છાશવારે ઘર છોડી ચાલ્યો જાય. બીજે ગામ ઉચ્ચ સરકારી નોકરી કરતા તેના મોટાભાઈને ખબર મળે એટલે તેઓ તેની શોધ આદરે, અને શોધી કાઢી તેને પાછો ઘેર લાવે. વર્ષમાં પાંચ-છ વાર આમ જ બને. પેલા મોટાભાઈ પણ કંટાળ્યા વિના, સમય અને નાણાં ખર્ચી, તેની આ કુટેવને નિભાવ્યા કરે. થોડો ઠપકો આપે પણ ખરા, પરંતુ બહુધા માફ કરી દે. મોટાભાઈના આ વર્તનની એવી તો અસર ઊભી થાય કે અમને સૌને પણ તે અમારા મોટાભાઈ હોય, એવો તેમના પ્રત્યે આદર થાય. આ રીતે ક્ષમા બક્ષનારનું ગૌરવ વધે.

ક્ષમાનો આ ગુણ જો અંતરે ધારીએ તો એકમેકની બદબોઈની બદબૂ દૂર થઈ તેને ઠેકાણે પ્રેમનો પરિમલ પ્રસરી રહે. આનંદની લહેરીઓ ઊઠે. અને આમ જો નિરંતર કરવાનું વ્યસન પાડીએ તો આનંદના ઓઘ ઊઠે. યોગીજી મહારાજ એવા મહાપુરૂષ, જેમણે જીવનની પ્રત્યેક પળે સૌને નભાવ્યા, અદકામાં અદકા જનની પણ ક્ષમા માંગી, અન્યના દોષોને દરગુજર કરી ક્ષમા જ બક્ષી, તેઓ શાશ્વત આનંદના ઓઘની અનુભૂતિ કરતાં આપણને પ્રબોધે છે કે 'સહનશક્તિ એ જબરો ગુણ છે. કો'ક શબ્દ આપણને કટાક્ષથી કહે તો સામું ન બોલતાં સહન કરવું. તેમને ક્ષમા ગુણ કહે છે. તે ક્ષમા કરવાથી પોતાના હૈયામાં શાંતિ અખંડ આપે છે, ને આનંદના ફુવારા છૂટે છે અને મોટા જીવમાંથી રાજી થાય છે.' પોતાની ક્ષતિ ન હોવા છતાં ક્ષમા માગવી અને અન્યની મહામોટી ભૂલ હોવા છતાં ક્ષમા આપવી, આવા મહાપુરૂષો તો જવલ્લે જ જોવા મળે. અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાની ગુરૂપરંપરા એ આવા વિરલ પુરુષોની પરંપરા છે.

એકવાર ન્યૂયોર્કમાં અલ્પાહાર વખતે યોગી નામનો

**તપસ્વી -૨૦૨૨**

મનિષા મણીકાંત પોલડીયા રંગપુર શ્રી સિદ્ધી તપ

બાળક કીર્તનગાન કરી રહ્યો હતો. બાજુમાં બેઠેલા એક સેવક સંત કોઈક કારણસર કાંઈક વાત કરી રહ્યા હતા. પેલા બાળકે કીર્તન ગાવાનું એકાએક બંધ કર્યું ! સ્વામીશ્રી કહે : 'કેમ ઉદાસ થઈને બેસી ગયો? આગળ બોલ.' 'હું બોલ્યો પણ કોઈ સાંભળતું નથી વાતો કર્યા કરે છે.' પેલા બાળકે અણગમો વ્યક્ત કર્યો. એકદમ સ્વામીશ્રી એને કહે : 'સોરી, મારી ભૂલ થઈ ગઈ.' એક નાના બાળકની, અન્ય કોઈકની ક્ષતિને કારણે જાતે ક્ષમા યાચવી, એ ઉદારચરિતપણાની ઉપલી સીમા છે. ૧૯૮૧માં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવમાં 'છપૈયાપુરમ્' ઉતારાના તંબુઓની નજીક એક ઊંચો ટેકરો હતો. જેનો લાભ લઈને સંતોએ એક ગોળ ઊંચો પાણીનો હોજ બનાવ્યો હતો. પાણી વિભાગના મુખ્ય સંત તરીકે અક્ષરવિહારી સ્વામી સેવા આપી રહ્યા હતા. પાણીનો વાલ્વ ખોલે તો જ હોજમાં પાણી ભરાય એવી વ્યવસ્થા હતી. રાત્રે કોઈએ ભૂલથી વાલ્વ ખોલ્યો હશે તેથી સવારે બોર ચાલુ કરતાં જ આ હોજ ઊભરાઈ ગયો અને માટીની દીવાલો તોડી પાણી પ્રસરી ગયું. મોટું નુકસાન થઈ ગયું. અક્ષરવિહારી સ્વામીને જાણ થતાં જ દોડતા ત્યાં આવ્યા પરંતુ કોઈ ઉપાય નહોતો. સૂનમૂન તેઓ ત્યાં ઊભા રહ્યાં હતાં. અને પ્રમુખસ્વામી મહારાજ ત્યાં આવી પહોંચ્યા, 'વિહારી ? શું જુઓ છો ?' સ્વામીશ્રીએ પ્રેમથી પૂછ્યું. 'સ્વામીબાપા! આ હોજ ફાટી ગયો.' સખેદ ઉત્તર વાળ્યો. 'એમ! હોજ ફાટી ગયો?' એમ કહેતાં સ્વામીશ્રી ખડખડાટ હસી પડ્યા. ન ડાંટ, ન ડપટ, વાતાવરણ હળવું બનાવી દીધું. પ્રસન્નમુદ્રામાં આશીર્વાદ આપી ત્યાંથી નીકળ્યા. 'જેવા મેં નીરખ્યા રે' ભાગ-૩ માં પૂજ્ય અક્ષરવિહારી સ્વામીએ જાતે જ આ પ્રસંગ વર્ણવ્યો છે.

કુદરતે કેટકેટલી અમૂલ્ય સેવાઓનો નિઃશુલ્ક લાભ આપણને આપ્યો છે!! મફત હવા, મફત સૂર્યપ્રકાશ, મફત વરસાદ, આકાશના ચંદરવામાં ઉષા-સંધ્યાની વિવિધ રંગગૂંથણીનાં મફત દર્શન, જમીનનો ઉપયોગ વિના રોકટોક અને એવું તો ઘણુંય છે. આપણે નથી કશાનું ભાડું ચૂકવતા. તો આનો ઋણ સ્વીકાર, આપણે આટલું કરીને તો ચોક્કસ કરી શકીએ કે કુટુંબમાં કોઈક સભ્યની વિચિત્રતા કે સ્વભાવની અવળાઈને ક્ષમ્ય ગણી, એને નિભાવી તો લઈએ જ. આપણી ગરવી ગુરુપરંપરા, જે ક્ષમાનાં મૂર્તિમંત સ્વરૂપો છે, આવો, એમાંથી આપણે બોધ ગ્રહીએ.

**લેખકઃ ડો. એ. સી. બ્રહ્મભટ્ટ**
**(સંકલિત)**


## પુષ્પાંજલી - આદરાંજલી



**જખૌ (કચ્છ)** **મરીન લાઈન્સ (મુંબઈ)**

**શ્રી શામજી ભવાનજી ઝવેરી (મોમાયા)**
અરિહંત શરણ તા. : ૩૦.૧૦.૨૦૨૨

**સમાજ અને જ્ઞાતિ પ્રત્યેની આપની નિષ્ઠા**
**અને મુંગા જીવો પ્રત્યેની કરુણા અને**
**ઉદારતા સદાય ચિરંજીવ રહેશે.**

**આપનો દિવ્ય આત્મા જ્યાં પણ હોય**
**પરમાત્મા આપના આત્માને પરમ શાંતિ અર્પે અને**
**વહેલામાં વહેલી તકે મોક્ષગામી બનાવે એજ પ્રાર્થના**

લી.
આપને શ્રદ્ધા સુમન અર્પણ કરતા

**શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા વતી**

મેનેજીંગ ટ્રસ્ટી
**શ્રી મહેન્દ્રભાઈ ડી. ખોના**
ટ્રસ્ટીઓ
**શ્રી ભરત એમ. મૈશેરી**
**શ્રીમતી માલતીબેન એચ. ધરમશી**
**શ્રીમતી અમિતાબેન ટી. મોમાયા**
**શ્રી શ્રેણીકભાઈ પી. ખોના**
**શ્રી કિરીટ કે. શાહ (મુનવર)**
**શ્રી આણંદજી એચ. નાગડા**

# પીત્ઝાની બીજી બાજુ

પત્ની એ કહ્યું - આજે ધોવા માટે વધારે કપડા નહિ કાઢતા, કામવાળી બે દિવસ નહિં આવે...

પતિઃ કેમ???

પત્નીઃ ગણપતીના તહેવાર માટે તે તેની દીકરીના છોકરાઓને મળવા જવાની છે. અને હા ગણપતિના તહેવારમાં તેને ૫૦૦ રૂપિયા બોનસ ને??

પતિઃ કેમ?? હમણાં દિવાળી આવે જ છે ને ત્યારે આપશું..

પત્નીઃ અરે ગરીબ છે બિચારી, દીકરીને મળવા જાય છે તો તેને પણ સારું લાગશે. અને આ મોંઘવારીમાં આટલા પૈસા થી એ શું તહેવાર ઉજવશે?

પતિઃ તું પણ જરૂરથી વધારે દયાળુ થઇ ગઇ છો...

પત્નીઃ ના હો, ચિંતા નહિ કરો, આજે તમે મને પીત્ઝા ખાવા લઇ જવાના હતા એ પ્રોગ્રામ હું કેન્સલ કરી નાખું છું, તમારૂં બજેટ સલામત ને....? વાસી પાવના એ ૮ ટુકડામાં ખાલી ખોટા ૫૦૦ રૂપિયા તો ખર્ચાઇ જ જશે.

પતિ (મનમાં): વાહ...અમારા મોઢામાંથી પીત્ઝા છીનવીને બાઈને બોનસ..???

ત્રણ દિવસ પછી કચરું કાઢતી કામવાળીને સાહેબે પૂછ્યુંઃ કેમ રહી તમારી રજા?

કામવાળીઃ બહુ સારી રહી સાહેબ..., દીદીએ ૫૦૦ રૂપિયા આપ્યા હતા ને... તહેવાર નું બોનસ....

પતિઃ તો જઈ આવી જમાઈને ત્યાં?? મળી લીધું દીકરી અને છોકરાઓને..? મજા આવીને..?

કામવાળીઃ હા સાહેબ, બધાને મજા આવી, બે દિવસમાં ૫૦૦ રૂપિયા ખર્ચી નાખ્યા.

પતિઃ એમ?? શું કર્યું ૫૦૦ રૂપિયા નું???

કામવાળીઃ દીકરીના છોકરા માટે ૧૫૦ રૂપિયાનો શર્ટ લીધો, બેબી માટે ૪૦ રૂપિયાની ઢીંગલી, દીકરીને ૫૦ રૂપિયા આપ્યા મીઠાઈના, ૫૦ રૂપિયાનો મંદિરમાં પ્રસાદ ચઢાવ્યો, ૬૦ રૂપિયા તો આવવા જવાનું ભાડું થયું, ૨૫ રૂપિયાની બંગડી દીકરીને આપી, ૫૦ રૂપિયાનો બેલ્ટ જમાઈને આપ્યો, અને વધેલા ૭૫ રૂપિયા દીકરીના છોકરાઓને આપ્યા બુક અને પેન્સિલ લેવા માટે કચરા પોતા કરતી વખતે પુરેપુરો હિસાબ એના મોઢે હતો!!!

પતિઃ ૫૦૦ રૂપિયામાં આટલું બધું???? મનમાં જ વિચાર આવવા લાગ્યા. તેની સામે ૮ ટુકડા કરેલા પીત્ઝા ફરી રહ્યા હતા અને દરેક ટુકડો એને વ્યર્થ લાગી રહ્યો હતો. પોતાના એ એક પીત્ઝાના ખર્ચની બરાબરી તે કામવાળી બાઈના તહેવાર ના ખર્ચ સાથે કરી રહ્યો હતો.

પહેલો ટુકડો છોકરાના શર્ટનો, બીજો ટુકડો દીકરીની મીઠાઈનો, ત્રીજો મંદિરમાં પ્રસાદનો, ચોથો ભાડાનો, પાંચમો ઢીંગલીનો, છઠ્ઠો બંગડીનો, સાતમો જમાઈના બેલ્ટનો અને છેલ્લો આઠમો અને સૌથી ઉત્તમ, બાળકોને બુક-પેન્સિલનો.

આજ સુધી તેણે હમેશા પીત્ઝાની એક બાજુ જ જોઈ હતી, ક્યારેય પણ પીઝઝા પાછળથી કેવો દેખાય છે એ જોવાનો પ્રયત્ન નહોતો કર્યો. પરંતુ આજે આ કામવાળી બાઈ એ પીત્ઝાની બીજી બાજુ દેખાડી હતી.

પીત્ઝાના એ આઠ ટુકડા આજે તેમને જીવનનો અર્થ સમજાવી ગયા હતા. જીવન માટે ખર્ચ કે ખર્ચ માટે જીવન એને એક ઝાટકે સમજાઈ ગયું હતું.

किसी की मुस्कराहटों पे हो निसार,<br>
किसी का दर्द मिल सके तो ले उधार...<br>
किसीके वासते हो तेरे दिल में प्यार,<br>
जीना इसी का नाम है ।

**સંકલન : કુમાર બાબુભાઈ દંડ-તેરા(ભાંડુપ)**

**રમત**

કદી ઉપર કદી નીચે અજબ છે આ રમત,<br>
જિંદગીને જાણ તું સાપસીડીની રમત.

આ પ્રેમ બીજું કંઈ નથી છે વેદના,<br>
ઘાવ નકરાં ઘાવ ને તલવારની રમત.

સાત કાપ્યાં તેર લૂંટ્યાં દોર પણ ખૂટી ગયાં,<br>
લાલ પીળાં કનકવાં ઉડાવવાની આ રમત.

શ્વેત કાળાં ચોકઠાંમાં ચાલવું કદી દોડવું,<br>
હાર ક્યારેક જીતને સ્વીકારવાની આ રમત.

કાંકરા કદી હીરલાં જિંદગીનાં આંગણે,<br>
સાવ બાલિશ લાગતી જીવવાની આ રમત.

**- પ્રફુલ જોશી**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

**પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન** — સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## નવીનભાઈ દંડના પ્રમુખ પદે સંચાલિત વેરાવળની સહકારી બેંકને ત્રણ એવોર્ડ

લાલાના વેરાવળ નિવાસી નવીનભાઈ હીરજી દંડ વેરાવળ મર્કન્ટાઈલ કો.બેન્કના ચેરમેન છે. એમને ગત માહ મધ્યપ્રદેશના ઈંદોર શહેર ખાતે બેન્કીંગ ફ્રન્ટીયર મેગેઝીનના પ્રતિષ્ઠિત ગણાતા ત્રણ એવોર્ડ વર્ષ ૨૦૨૨ : (૧) બેસ્ટ રિસ્ક મેનેજમેન્ટ ઈનિશિએટીવ્સ (૨) બેસ્ટ ઑડિટ ઈનિશિએટીવ્સ (૩) બેસ્ટ ૩૬૦ ડીગ્રી કસ્ટમર વ્યુ.

માજી કેન્દ્રીય પ્રધાન અને સહકારી બેન્કો માટેની નવી નીતિની ડ્રાફટીંગ કમિટીના ચેરમેન સુરેશ પ્રભુના હસ્તે એનાયત કરવામાં આવ્યા છે.

## કેરાલા સ્ટેટ સ્નૂકર ચેમ્પીયન અતિત મોતા

રાયધમજરના કોશી નિવાસી અતિત ભરત ગોર્ વંદજી મોતાએ કેરાલા સ્ટેટ સ્નૂકર અને બિલીયર્ડ ચેમ્પીયનશિપ જીતી લઈ રાજ્ય સ્તરીય ટ્રોફી અંકે કરી છે.

## મૃદુલા દંડ અને દિવ્યા મોમાયાને આં.રા. વર્કિંગ વુમન ઍવોર્ડ

એશિયન એકેડેમી ઑફ આર્ટ્સ દ્વારા છઠો સરોજિની નાયડુ ધ નાઈટેંગીલ ઑફ ઈંડિયા ઈંટરનેશનલ ઍવોર્ડ ફૉર વર્કિંગ વુમન ૨૦૨૨ જ્ઞાતિની બે પ્રતિભાશાળી મહિલાઓને પોતાના સંબંધિત ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ કાર્ય બદલ આપવામાં આવ્યો છે. જાણીતા વકીલ અને ઈનરવ્હીલ ક્લબ ઘાટકોપરના ચેરમેન મૃદુલા હીરાચંદ દામજી દંડ-મંજલ (ઘાટકોપર) અને મેન્ટોર માય બોર્ડના ફાઉન્ડર કંપની સેક્રેટરી દિવ્યા સમીર નરેન્દ્ર મોમાયા-વરાડિયા (નવી મુંબઈ)ને આ એવોર્ડ એનાયત થયા છે.

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઈ શકાતી નથી.

## વતનના વર્તમાન

સંકલન : કેસરસિંહ ખોના

### પાંજરાપોળને સરકારી સહાય

૩૦ સપ્ટેંબર ૨૦૨૨થી પાંજરાપોળ માટે મુખ્ય મંત્રી ગૌમાતા પોષણ યોજના લાગુ કરવામાં આવી છે. આ યોજના હેઠળ પ્રત્યેક ગાય દીઠ રૂા.૩૦ની સબસીડી આપવામાં આવે છે. આમ વરસે અંદાજે ગાય દીઠ રૂા. ૧૦,૦૦૦ની સહાય મળી શકે છે. પાંજરાપોળ ટ્રસ્ટ/મેનેજમેંટે આ સહાય મેળવવા માટે યોગ્ય વ્યવસ્થા કરવી એ સલાહભર્યું ગણાય.

### પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને યુકેનો અહિંસા ઍવોર્ડ

ઈંગ્લેંડની ત્રીસથી વધુ સંસ્થાઓના સંગઠન 'જૈન ઑલ પાર્ટી પાર્લામેન્ટરી ગ્રુપ' દ્વારા આગામી ૧૬ નવેમ્બરે લંડનના હાઉસ ઑફ કોમન્સમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને અહિંસા ઍવોર્ડ પ્રદાન કરવામાં આવશે. પ્રતિવર્ષ અહિંસા દિનની ઉજવણી પ્રસંગે આ ઍવોર્ડ પ્રદાન કરવામાં આવે છે.

### છત્તીસગઢ ભાજપામાં કચ્છી પટેલોનો ડંકો

તાજેતરમાં છત્તીસગઢના રાજકારણમાં મોટી વીરાણી અને કોટડા જડોદરનું નામ ચમક્યું છે.

મળતી માહિતી પ્રમાણે છત્તીસગઢ ભાજપ સંગઠનની ચૂંટણીઓ યોજાઈ હતી. જેમાં મોટી વીરાણીના પટેલ રમેશભાઈ કરસનભાઈ વાલજીયાણી રાજનાંદગાંવ જિલ્લાના ભાજપા પ્રમુખ પદે વરાયા હતા જ્યારે રાયપુર ભાજપાના જિલ્લા પ્રમુખ પદે કોટડા જડોદરના પટેલ જેન્તીભાઈ મગનભાઈ નાથાણીની વરણી થઈ છે.

### રમેશ દવે અને જયેશ ભાનુશાલીને વર્ષ ૨૦૨૨ના સાહિત્ય પુરસ્કાર

ડૉ. જયંત ખત્રી સ્મારક સાહિત્ય સભા સંસ્મૃતિ દ્વારા વર્ષ ૨૦૨૨ના કચ્છી સાહિત્યમાં વિશેષ પ્રદાન બદલ જયેશ ભાનુશાલી (ભાચુંડા-વાપી) 'જયુ' ને ડૉ. મનુભાઈ પાંધી ઍવોર્ડ તથા ગુજરાતી સાહિત્યકાર રમેશ દવેને ડૉ. જયંત ખત્રી-બકુલેશ ઍવોર્ડ એનાયત કરાયા છે.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

## ડી.આર.એમ. સમક્ષ કચ્છનાં રેલ્વેનાં પ્રશ્નો રજુ કરાયા

પશ્ચિમ રેલ્વે ડિવીઝન રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટીવ કમિટી ભુજનાં સભ્ય શ્રી પ્રબોધ મુનવરે વેસ્ટર્ન રેલ્વે ડિવીઝનલ મેનેજરશ્રીને પત્ર પાઠવી કચ્છનાં વિવિધ રેલ્વે પ્રશ્નો અંગે રજુઆતો કરી છે. જેની નકલ કચ્છનાં સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા તથા એરીયા મેનેજરશ્રી ગાંધીધામને પાઠવાઈ છે. રેલ્વે તંત્ર દ્વારા આ પ્રશ્નો ઉચ્ચ કક્ષાએ મોકલવામાં આવ્યા. છે.

## તેરાતીર્થ આસો માસની શાશ્વતી ઓળીની આરાધના

